## દાંતા નજીક માણેકનાથના ડુંગર વિસ્તારમાં વીજળી પડતા એક માલધારી, ૫૦ બકરાના મોત



એક ભાઈ બકરા લઈ ઘરે પહોંચ્યો બીજો ઘરે ના આવતા શોધખોળ દરમિયાન ઘટના સામે આવી દાંતા તાલુકાના માણેકનાથ ડુંગર વિસ્તારમાં રવિવારે એકાએક વીજળી પડતા એક માલધારી યુવક સહીત પચાસ જેટલા બકરાના મોત નીપજ્યા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તાર સહીત માલધારી સમાજમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી છે. તો બીજી તરફ રાતના અંધકારમાં મૃતદેહો શોધવા ડુંગર વિસ્તારમાં ભારે દોડધામ મચી જવા પામી છે. દાંતા પંથકમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો નોંધાઈ વરસાદી વાતાવરણ છવાયું છે. દરમ્યાન તાલુકાના અડેરણ ( તરસન્ગ )ના માલધારી પરિવાર પર આફતના વાદળો ઘેરાઈ જવા પામ્યા છે. ભચડીયા ગામના માલધારી સમાજના આગેવાન કેવળભાઈ દેસાઈના જણાવ્યા મુજબ અડેરણ (ત) ગામના ચમનભાઈ દેવરાજભાઈ રબારી (ઉં. વ. આ ૩૫) અને તેમનો ભાઈ પોતાના બકરા ચરાવવા રવિવારે નજીકના માણેકનાથ ડુંગર વિસ્તારમાં ગયા હતા. દરમ્યાન સાંજના સુમારે એક ભાઈ પોતાના બકરા લઈને નીચે ઉતરી ઘરે પહોંચી ગયો હતો. પરંતુ બીજો ભાઈ મોડી સાંજ સુધી પરત ન આવતા પરિવાર જનો ડુંગર વિસ્તારમાં શોધ ખોળ હાથ ધરી હતી. જ્યા વીજળી પડવાથી ચમનભાઈ સહીત તેના ચાલીસ થી પચાસ જેટલા બકરાના મોત નીપજ્યા હોવાનુ જોવા મળ્યું હતું. ઘટનાને લઈ નાનકડા ગામ સહીત સમગ્ર માલધારી સમાજમાં ભારે અરેરાટી અને શોકની કાલિમા પ્રવર્તી જવા પામી છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી હજુ પણ માલધારી લોકો ડુંગર પર અન્ય પશુ ધન શોધવાની કવાયત હાથ ધરી રહ્યા છે. મૃતકનો દેહ પણ હજુ સુધી નીચે લાવવામાં આવ્યો નથી.

## પાલનપુર નગરપાલિકાના નવા પ્રમુખ પદે કિરણ દેવેન્દ્રકુમાર રાવલની વરણી : ભાજપે સવા વર્ષના ટૂંકા ગાળામાં પ્રમુખ બદલ્યા



પાલનપુર નગરપાલિકાના પ્રમુખ પદે ભાજપે સંપૂર્ણ બહુમતી હાસલ કર્યા બાદ હેતલ રાવલની વરણી કરી હતી. ત્યારબાદ એકાદ વર્ષના ગાળામાં જ ભાજપના જ સભ્ય વચ્ચે આંતરિક ખેંચતા અને મન દુખ ભારે પરાકાષ્ઠા પહોંચ્યું હતું. એવામાં ભાજપના મહિલા સભ્યોના પતિ અને અન્ય સભ્ય વચ્ચે થયેલી વાતચીતનો ઓડિયો વાયરલ થતાં ભાજપના જિલ્લાના રાજસ્થાનના સંગઠનમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. આજે તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ભાજપ દ્વારા પાલિકાના નવા પ્રમુખ પદે વોર્ડ નંબર ૬ ના મહિલા સભ્ય કિરણબેન દેવેન્દ્રકુમાર રાવલની વરણીકરવામાં આવી હતી. પાલનપુર પ્રાંત અધિકારી પરમાર ની અધ્યક્ષતામાં પાલિકાના પ્રમુખ પદે ભાજપે કિરણબેન દેવેન્દ્રકુમાર રાવલ ના નામનો મેન્ડેટ રજૂ કરતા તેઓ બિન હરીફપ્રમુખ પદે ચૂંટાયેલા જાહેર કરાયા હતા. પાલિકાના ભાજપના તમામ સભ્યોએ કિરણ રાવલની વરણીને આવકારી અભિનંદન પાઠવી ભારત માતાકી જય ના સૂત્રોચાર કર્યા હતા.

## ભિલોડા તાલુકાનું ગૌરવ વધાર્યું



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર ગામના એન.ડી.પટેલ પ્રમુખ અરવલ્લી જીલ્લા આચાર્ય સંઘ, ખુમાપુર હાઈસ્કૂલના આચાર્ય નો સુપુત્ર રિધમ નિરેશભાઈ પટેલએ મેડિકલ પ્રવેશની પરીક્ષા નીટ-૨૦૨૨ માં ૬૪૨ / ૭૨૦ ગુણ તેમજ ઓલ ઈન્ડિયા રેંક - ૬૦૧૩ મેળવી ઉત્કૃષ્ટ પરીણામ મેળવી ભિલોડા તાલુકા તેમજ દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજનું ગૌરવ વધારેલ છે.દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજના સામાજીક આગેવાનોએ રિધમ પટેલ ને બિરદાવ્યો હતો.મેડિકલમાં પ્રવેશ મેળવી ઉત્તરોતર પ્રગતીના શિખરો સર કરે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## જિલ્લામાં ચોમાસા દરમ્યાન ભંગાર માર્ગોથી ઈજાના બનાવોમાં ૪૦ ટકા વધારો

જિલ્લામાં ચોમાસા દરમ્યાન માર્ગો ઉબડખાબડ બન્યા પછી ખાસ કરીને નાના વાહન ચાલકો પટકાઈ રહ્યા છે અને ઈજાના બનાવોમાં રુટીન દિવસો કરતાં ૪૦ ટકાનો વધારો થયો છે. ઈજાગ્રસ્તોને હાથ-પગ ભાંગવા તેમજ મણકામાં ઈજાના સર્વાધિક કેસ ઓર્થોપેડીક હોસ્પિટલોમાં નોંધાયા છે. જ્યારે મેડીકલેઈમ મેળવવામાં પણ ઉછાળો આવ્યાનું સૂત્રો જણાવે છે. જિલ્લામાં વરસાદી માહોલમાં એક તરફ વાયરલ બિમારીઓએ માથું ઉંચકતાં સરકારી અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે ત્યાં હવે હાડવૈદ્ય તેમજ ઓર્થોપેડીક હોસ્પિટલોમાં પણ અસ્થિભંગની સારવાર લેવા માટે આવતા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લામાં સામાન્ય દિવસોમાં હાડકાં ભાંગવાના સરેરાશ ૧ થી ૨ કેસ આવતા હતા તેની સામે હાલની સ્થિતિએ ૩૦ થી ૪૦ કેસ સુધી આંકડો પહોંચ્યો છે. ખાનગી હાડવૈદ્ય અને ઓર્થોપેડીક હોસ્પિટલોમાં પડવા વાગવાથી શરીરનાં હાડકાં તૂટવાના કેસ સતત વધી રહ્યા છે. વરસાદના કારણે માર્ગો ઉબડ-ખાબડ અને જોખમી બનતાં દ્વિ-ચક્રી અને રીક્ષા સહિતના વાહનો ઉંધા વળી રહ્યા છે. જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે શરદી, ઉધરસ, તાવ અને ગળામાં બળતરા સહિત ઝાડા-ઊલટીના કેસ વધ્યા તેની સાથે માર્ગો ઉપર પટકાઈ પડવાના વધેલા બનાવોને કારણે ફ્રેકટર થવાના કિસ્સામાં ૪૦ ટકાનો ઉછાળો આવ્યાનું હવે ખુદ તબીબો સ્વીકારી રહ્યા છે. જિલ્લામાં રસ્તાઓ પાણીથી લથબથ રહેવાના કારણે સિમેન્ટ રસ્તાઓ પગપાળા પસાર થવામાં વધુ જોખમી બન્યા છે. જ્યારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સોસાયટીઓ અને ફળીયાઓના રસ્તાઓમાં પણ લીલ બાજી જતાં દ્વિ-ચક્રી વાહનો પણ સ્લીપ થવાથી હાથ-પગનાં હાડકાં ભાંગવાના કિસ્સા જે રીતે વધી રહ્યા છે તે જોતાં જો આજ પ્રકારે સ્થિતિ રહી અને ભંગાર માર્ગોનું મરામત નહીં થાય તો નવરાત્રિ દરમ્યાન ઈજાઓમાં ૫૦ ટકાનો વધારો થઈ શકે છે. હાડકાં ભાંગવાના બનાવોમાં ૪૦ ટકા વધારો - ઓર્થોપેડીક સર્જન હિંમતનગરના ઓર્થોપેડીક સર્જન ડૉ.રાજુભાઈ નાયકે જણાવ્યું હતું કે ચોમાસાની સીઝનમાં પડવા-વાગવાથી હાથ અને પગમાં ફ્રેક્ચર થવાના કિસ્સામાં વધારો થયો છે. સામાન્ય દિવસ કરતાં વર્તમાન સમયમાં અસ્થિભંગના કિસ્સાઓમાં ૪૦ ટકા ઉછાળો આવ્યો છે.

# ખેડબ્રહ્મા ખાતે પ્રાંત કક્ષાનો વિશ્વાસથી વિકાસયાત્રા કાર્યક્રમ યોજાયો

### ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં રૂ. ૪૯૭ લાખના ખર્ચે ૨૪૩ કામોના વિકાસકાર્યોના લોકાપર્ણ-ખાતમુહૂર્ત કરાયા : કેન્દ્ર અને રાજય સરકારની યોજના આદિજાતિ તાલુકાના અંતરીયાળ વિસ્તાર સુધી પંહોચી છે : મંત્રી જગદીશ વિશ્વકર્મા

બાયડ તા.૧૨

સમગ્ર રાજયમાં દ્વિ-દિવસીય વિશ્વાસથી વિકાસયાત્રાનો પ્રારંભ થયો છે જેના ભાગરૂપે સોમવારના રોજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે પ્રાંતકક્ષાના વિશ્વાસથી વિકાસ કાર્યક્રમમાં સહકાર, વન-પર્યાવરણ અને માર્ગ મકાન રાજ્ય મંત્રી શ્રી જગદિશ વિશ્વકર્માના હસ્તે રૂ. ૪૯૭ લાખના ૨૪૩ કામોના વિકાસકાર્યોના લોકાપર્ણ ખાતમુહૂર્ત કરાયા કરાયા હતા.

ખેડબ્રહ્માના નવિન માર્કેટયાર્ડ ખાતે યોજાયેલા વિશ્વાસથી વિકાસ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધતા સહકાર, વન-પર્યાવરણ અને માર્ગ મકાન રાજ્ય મંત્રી શ્રી જગદિશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ૨૦ વર્ષ અગાઉ ગુજરાત રાજયની શાસનધુરા સંભાળી ત્યારથી વિકાસની પરીભાષા બદલાઈ ગઈ છે. વિકાસયાત્રા ગુજરાત પુરતી જ સિમિત રહી નથી પરંતુ ગુજરાતે આજે વૈશ્વિક નામના હાંસલ કરી છે. વડાપ્રધાન શ્રી દેશના જ નેતા તરીકે જ નહિ પરંતુ વૈશ્વિક સર્વસ્વીકૃત નેતાની છાપ ઉભી કરી છે.

મંત્રી શ્રીએ સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાઓમાં આવેલા આમૂલ પરીર્વતની વાત કરતા જણાવ્યું હતું કે આ જિલ્લાના ત્રણ તાલુકાના ૧૧૩ ગામોને પીવાના શુધ્ધ પાણીની ઉપલબ્ધિ થાય તે માટે રૂ. ૨૦૦ કરોડથી વધુની પાણીની યોજના અમલી બનાવી છે તો આદિજાતિ વિસ્તારના પશુપાલકોને રોજગારીની નવી તકોનું નિર્માણ થાય તે માટે ૪૦થી વધુ દૂધઘર બનાવી તેમને દૂધાળા પશુઓની સહાય પુરી પાડવામાં આવી છે. સાથે ખેડૂતો મૂલ્યવર્ધન ખેતી કરે અને તેમના ઉપજનો યોગ્ય ભાવ મળી રહે તે માટે નવા માર્કેટયાર્ડ ઉપલબ્ધ કરાવાયા છે. ખેડૂત સન્માન નિધીની વાત કરતા મંત્રી શ્રીએ જણાવ્યું હતુ કે, અંતરીયાળ વિસ્તાર પોશીનાના ૧૩,૦૦૦, વિજયનગરના ૧૫,૦૦૦ અને ખેડબ્રહ્માના ૨૧,૦૦૦ ખેડૂતોને સન્માન નિધી મળી રહી છે.

વધુમાં મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં આરંભાયેલી વિશ્વાસથી વિકાસયાત્રામાં રાજયમાં રૂ. ૪૫૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાપર્ણ–ખાતમુહૂર્ત કરાશે જેમાં સાબરકાંઠા જિલ્લાના રૂ. ૩૫૦ કરોડના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે તો વળી આજે ખેડબ્રહ્માના પ્રાંતકક્ષાના આ કાર્યક્મમાં રૂ. ૪ કરોડથી વધુના વિકાસકાર્યો પ્રજાપર્ણ કરાશે.

કાર્યક્રમામાં ઉપસ્થિત ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય શ્રી અશ્વિનભાઈ કોટવાલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતું જયારે જિલ્લા સમાહર્તા શ્રી હિતેષ કોયાએ સમગ્ર કાર્યક્મની રૂપરેખા આપી મહેમાનોને સ્વાગત આવકાર આપ્યો હતો.



વિશ્વાસથી વિકાસયાત્રા કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એચ.શાહ, ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મોદણબેન પરમાર, પોશીના તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચીમનભાઈ ગમાર, વિજયનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી દિપકભાઈ નિનામા, પ્રાંત અધિકારી શ્રી હાર્દ શાહ, મામલતદાર શ્રી કોદરવી, અગ્રણી શ્રી જશુભાઈ પટેલ, લુકેશભાઈ સોલંકી, મુળજીભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**કોરોનાના કારણે ૨ વર્ષ પછી યોજાતો નવરાત્રિ મહોત્સવ શાનદાર બનવાની ધારણા**

## જિલ્લામાં ભાદરવી પુનમ સંપન્ન થયા પછી નવરાત્રિના આયોજનની તૈયારીઓ

### આયોજકો દ્વારા બેઠકોનો દોર શરુ, ગાયક વૃન્દોની ટીમો ૯ દિવસ બુક

બાયડ (બૂરો ઓફિસ), તા.૧૨

ભાદરવી પુનમ સંપન્ન થયા પછી નવરાત્રિના આયોજનની શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તૈયારીઓ શરૂ થઈ છે. આયોજકો દ્વારા સોસાયટીના સભ્યો સાથે બેઠકોનો દોર શરુ કરી ફંડ એકત્ર થઈ રહ્યું છે. જ્યારે આ વર્ષે ૨ વર્ષ પછી નવરાત્રિ મહોત્સવ ઝાકમઝોળ ભર્યો યોજાવવાનો હોવાથી ગાયક વૃન્દોના ભાવ આસમાને પહોંચશે તેવી સંભાવના વચ્ચે અનેક નવરાત્રિ સ્થળો માટે ગાયક વૃન્દોની ટીમો ૯ દિવસ માટે બુક થઈ રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવરાત્રિ મહોત્સવને આડે હવે માત્ર ગણતરી ૧૪ દિવસ બાકી રહ્યા છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખ્યાતિ પ્રાપ્ત નવરાત્રિ સ્થળોએ આ વર્ષે ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવ યોજવા માટે આયોજન હાથ ઉપર લેવાયા છે.

જ્યારે બજારો માટે ખેલૈયાઓ માટે ચણિયાચોળી, પાયજામા, કૂર્તા અને અવનવી વેરાયટીના વસ્ત્રો, એન્ટીક ક્વેલરીનો ગંજ ખડકાઈ રહ્યો છે.



આ વર્ષે એકંદરે સારો વરસાદ અને તેની સીધી અસર બજારો ઉપર અત્યારથી દેખાવાની શરુઆત થઈ છે. ૨ વર્ષ પછી નવરાત્રિ મહોત્સવની ઉજવણી સાર્વજનિક રીતે થતી હોવાથી આયોજકોને ધારણા કરતાં પણ વધુ ફંડ મળી રહ્યું છે. જ્યારે અનેક પાર્ટી પ્લોટ સહિત જાહેર સ્થળોએ પણ નવરાત્રિના ભવ્ય આયોજન અંગેના હોડીંગ્સ લાગ્યા છે. તે જોતાં આ વખતની નવરાત્રિ મહોત્સવ વધુ શાનદાર બનવાની સંભાવના છે. તે પૂર્વે યોજાયેલો ગણેશ મહોત્સવ તમામ વિસ્તારોમાં ભવ્યતાપૂર્વક યોજાયો જેથી ગણેશ મહોત્સવની જેમ જ ૯ દિવસના નવરાત્રિમાં ખેલૈયાઓ મનમૂકીને ગરબે ઝૂમવા માટે અત્યારથી તૈયારીઓ કરી રહ્યા છે. જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, ભિલોડા, માલપુર, મેઘરજ, વિજયનગર સહિતના શહેરી વિસ્તારોમાં નવરાત્રિના આયોજનો માટે સોસાયટી તેમજ મહોલ્લાઓમાં સતત બેઠકોના દોર જામ્યા છે. નવરાત્રિના આયોજકોના જણાવ્યા અનુસાર આ વર્ષે પ્રજા સ્વયંભૂ નવરાત્રિના સારા આયોજન માટે ફંડ આપી રહી છે.

**ગમે તે ઘડીએ વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ ફૂંકાશે**

## સાબરકાંઠા કલેક્ટરે લોકાર્પણના વિકાસ કામોની પસંદગી, ખાતમૂહર્તના કામોની વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરવા સૂચના આપી

### આજથી ૨ દિવસ ઈ-તકતી દ્વારા લોકાર્પણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા આજથી ૨ દિવસ રાજ્યમાં વિશ્વાસ થી વિકાસ કાર્યક્રમ હેઠળ લોકાર્પણના વિકાસના કામો અને ખાતમૂહર્તના કામોનું ઈ-તકતી દ્વારા લોકાર્પણ થશે જે રીતે વિકાસના કામોના તાબડતોબ લોકાર્પણ કાર્યક્રમો હાથ ધરાયા છે તે જોતાં ગમે તે ઘડીએ વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ ફૂંકાશે. અરવલ્લી કલેક્ટરે લોકાર્પણના કામોમાં વિવાદ ન થાય તે માટે વિકાસના કામોની વહીવટી પ્રક્રીયા પૂર્ણ થઈ છે કે કેમ..?? તેની ખાત્રી કરવા અધિકારીઓને જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત વિધાનસભાની મુદત પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે આગામી એકાદ પખવાડીયા પછી ચૂંટણી અંગેની જાહેરાત થઈ શકે છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કલેક્ટર હિતેષ કોયાની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી અને તેમાં આજથી ૨ દિવસ પ્રાંત, જિલ્લા કક્ષાના કાર્યક્રમો યોજાશે જેમાં લોકાર્પણના વિકાસ કામોની પસંદગી અગાઉથી કરી લેવા અધિકારીઓને તાકીદ કરવાની સાથે સ્થળ વિઝીટની પણ મુલાકાત લેવા જણાવ્યું હતું. પ્રાંત કક્ષાના કાર્યક્રમ હિંમતનગર, ઈડર, પ્રાંતિજ ખાતે યોજાશે જેમાં સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જિલ્લામાં કુલ-૯૨૪ કામોને આવરી લેવામાં આવ્યા છે જેમાં જિલ્લા કક્ષાના ૨૨ કામોનો પણ સમાવેશ થયો છે. પ્રાંત કક્ષાએ ૫૦૦ અને જિલ્લા કક્ષાએ ૨૦૦૦ લોકો એકત્રિત થાય તેવું આયોજન કરવાની પણ સૂચના આપવામાં આવી છે. વિશ્વાસ થી વિકાસ યાત્રામાં ૧ કરોડ થી ઓછા અને જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ૧ કરોડથી ૧૦ કરોડના વિકાસ કામો આવરી લેવાશે જેની ઈ-તકતી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા**

## ભિલોડા પ્રેરણા વિદ્યાલયમાં મોડાસા પ્રાંત કક્ષાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૨

વિશ્વાસ થી વિકાસ યાત્રા,વિવિધ યોજનાકીય




કામગીરી ધ્વારા સામાજીક અને આર્થિક પ્રગતિ ઉજાગર કરી,કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત વિકાસના કામોનું ઈ - લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું.

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ મનોજભાઈ પટેલ,રાજેશભાઈ નિનામા,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાન્તીભાઈ પટેલ,મહામંત્રી ભવાનભાઈ ઠાકોર, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબિયાર,તાલુકા પંચાયત સદસ્યો ધનજીભાઈ નિનામા,શ્યામભાઈ પરમાર,અમૃતભાઈ નિનામા,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,પ્રાંત અધિકારી,મોડાસા,મામલતદાર - ઝેડ.વી.પટેલ,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી સહિત જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં હાફ મેરેથોન દોડ યોજાઈ

ડીસા, તા. ૧૨

પાલનપુરના રોટરી કલબ અને ફિઝીયોથેરાપી એસોસિએશન દ્વારા આયોજિત ડ્રગ્સની વિરુદ્ધમાં ફિઝીયો રોટરી હાફ મેરેથોન રન માટે દોડ રાખવામાં આવી હતી જેમાં પાલનપુર અને આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો લગભગ ૬૦૦ પુરુષ અને સ્ત્રીઓ તથા ૯૩ બટાલીયન બીએસએફ અને ૧૨૩ બટાલિયન બીએસએફ દાંતીવાડાના કર્મચારીઓએ ભાગ લીધો હતો જેમાં ૩૦ વર્ષ થી ૫૦ વર્ષની વય મર્યાદા વાળા ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો ૯૩




બીએસએફ બટાલિયનના આરક્ષક કિશન કુમારે પ્રથમ અને ગુરૂદિપ કુમારે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું ૫૦ વર્ષથી વધુ ઉંમરની શ્રેણીમાં ૯૩ બટાલીયન બીએસએફના સહાયક ઉપ નિરીક્ષક રાધેશ્યામે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું આયોજક અને રોટરી કલબ ઓફ પાલનપુરના અધ્યક્ષ જિતેન્દ્ર પટેલ દ્વારા વિજેતા જાહેર થયેલા લોકોને સન્માનિત કરવામાં આવ્યા હતા

## તાજપુરની સીમમાંથી ખેતરમાં તૈયાર થયેલ ફલાવરના અડધાથી પોણા વિધાના ધરૂની ચોરી

### ખેડૂત દ્વારા પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ: અંદાજે ૫૦૦૦ રૂપિયાના ફલાવરના ધરૂની ચોરી



પ્રાંતિજ , તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના તાજપુર ગામની સીમ મા આવેલ અડધાથી પોણા વિધા ના ફલાવર ના ધરૂ ની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી લઈ ગયા હતા. પ્રાંતિજ ના તાજપુ ખાતે રહેતા હરનીષભાઈ બાબુભાઈ પટેલ કે જેવો પોતે ખેતી કરે છે અને તેવો મુખ્યત્વે શાકભાજી ની ખેતી કરે છે અને તાજપુર ગામની સીમમાં આવેલ પોતાની જમીન માં તેવોએ ફલાવર નો ધરૂ તૈયાર કર્યો હતો અને ગઈ રાત્રી એ હરનીષભાઈ ના ખેતરમાંથી તૈયાર થયેલ ફલાવર નો ધરૂ કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી ધરૂ ઉપાડી ને લઈ ગયાં હતાં અને રોજ ના નિયત સમયે હરનીષભાઈ ખેતર મા તૈયાર થયેલ ધરૂ ખેતરોમાં ના દેખાતા તેમણા પગ નીચે થી ધરતી ખસી ગઈ હતી અને તેમણે ખબર પડી કે ધરૂ ની ચોરી થઈ છે તો ખેડૂત હરનીષભાઈ દ્વારા પોતાના ખેતરમાં ફલાવર નો ધરૂ ઉછેરવામાં આવ્યો હતો અને તૈયાર થયેલ અંદાજે ૫૦૦૦ નો ધરૂ કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી ધરૂ ઉપાડી લઈ જતાં ખેડૂત દ્વારા મહેનત માથે પડી હતી તો ખેડૂત હરનીષભાઈ પટેલ દ્વારા પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ

## ધાનેરા એએસઆઈ અને વચેટીયો લાંચ લેતા ઝડપાયા

ડીસા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ અને વચેટિયાને રૂપિયા ૭૫ હજારની લાંચ લેતા એસીબીએ ઝડપી પાડતા લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. એસીબીએ બંને આરોપીઓને ડીટેઈન કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ કામના ફરિયાદી સામે ધાનેરા પોલીસ સ્ટેશનમાં પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ એક્ટ અન્વયે ગુનો દાખલ થયો હતો. જે ગુનાની તપાસ ASI રવિ સોલંકી કરી રહ્યા હતા. તેણેઆ ફરિયાદીને અટક કરી તુરંત જ જામીન પર મુક્ત કરવા અને મારઝૂડ નહીં કરવા તેમજ મુદ્દામાલ છોડવા પોઝિટિવ અભિપ્રાય આપવા બદલ ૭૫ હજાર રૂપિયાની લાંચ માગી હતી. જે રકમ ગની ભીખાજી મુસલા નામના વચેટિયાને આપી દેવા જણાવ્યું હતું.પણ તેઓ લાંચ આપવા માંગતા ન હતા.તેથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો.જેના પગલે એસીબી પોલીસે છટકું ગોઠવી એએસઆઈ વતી લાંચ લેતા વચેટીયાને રંગે હાથ ઝડપી લીધો હતો અને બન્ને વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.